જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૦૭/૨૦૨૦ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૨૧૩/૨૦૨૦

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૦/૦૭/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૯૯૯૦ | ૦ | ૯૯૯૦ | ૧૬૦૪૬ | ૦ | ૧૬૦૪૬ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૨૯૨ | ૫ | ૪૨૯૭ | ૫૮૦૮ | ૫ | ૫૮૧૩ |
| ૫૪૮૦૦ | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૩ | ૦ | ૪૩ | ૨૦૩ | ૦ | ૨૦૩ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૨૫૦૩ | ૧૮૦ | ૧૨૬૮૩ | ૧૨૯૯૨ | ૧૭૫ | ૧૩૧૬૭ |
| | કુલ | ૨૬૮૨૮ | ૧૮૫ | ૨૭૦૧૩ | ૩૫૦૪૯ | ૧૮૦ | ૩૫૨૨૯ |

| પત્રક-૨ | | | |
| --- | --- | --- | --- |
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૦૬ | ૯,૩૩,૨૦૦/- |

| પત્રક-૩ | | | |
| --- | --- | --- | --- |
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૭૦૭ | ૭,૪૧,૪૦૦/- |

# આરોપીની અટકાયતની વિગત

## ઓઢવ પોલીસ સ્ટેશન :-

### નાસતા ફરતા આરોપીને પકડી પાડતી ઓઢવ પોલીસ સ્ટેશન પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ શ્રી તથા મદદનિશ પોલીસ કમિશ્નર “આઈ” ડીવીજન શ્રી નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અમો આર.જી.જાડેજા પોલીસ ઇન્સ્પેક્ટર ઓઢવ પોલીસ સ્ટેશન નાઓએ નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા આપેલ સુચના આધારે સર્વેલન્સના સ્કોર્ડના નીચે જણાવેલ સ્ટાફ મારફતે ઓઢવ પો.સ્ટેશન ગુ.ર.નં.સી-૧૧૧૯૧૦૩૭૨૦૦૧૫૭/૨૦ પ્રોહી કલમ ૬૬(બી), ૬૫(ઇ), ૮૧ મુજબના ગુનાના કામે નાસતા ફરતા નીચે જણાવેલ આરોપીને તા-૨૦/૦૭/૨૦ ના ક.૨૨/૦૦ વાગે ઓઢવ સિંગરવા બગીચા પાસેથી બાતમી હકીકત આધારે પકડાઇ જતા કાયદેસરની કાર્યવાહી કરી નાસતા ફરતા આરોપીને પકડી સારી પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલ છે. તા-૨૦/૦૭/૨૦૨૦.

→ **આરોપીનુ નામ:**

દિનેશભાઇ સ/ઓ રામાભાઇ જીવણભાઇ ડાભી, ઉ.વ.૪૧, રહે: સિધ્ધનાથ પુરા પ્રાથમિક શાળાની બાજુમાં ખેતરમા, ગામ-કાકરખાડ, તા-કઠલાલ, જીલ્લો-ખેડા

→ **કામગીરી કરનાર અધિકારી/કર્મચારી:**

અ.હેડ.કોન્સ રાજેશભાઇ રમેશભાઇ બ.નં-૬૭૭૯ લોકરક્ષક હરદેવભાઇ અજાભાઇ બ.નં.૧૫૩૦ લોકરક્ષક દિગ્વીજયસિંહ જગદિશસિંહ બ.નં-૧૧૭૪૫ લોકરક્ષક કરણ ગીરધરભાઇ બ.નં-૧૨૭૮૧

→ **બાતમી આપનાર અધિકારી/કર્મચારી:**

લોકરક્ષક હરદેવભાઇ અજાભાઇ તથા લોકરક્ષક દિગ્વીજયસિંહ જગદિશસિંહ

# જુગાર આરોપીની અટકાયતની વિગત

**રામોલ પોલીસ સ્ટેશન :-**

## જુગારનો ગણના પાત્ર કેશ શોધી કાઢતી રામોલ પોલીસ
## કુલ્લે રૂપીયા ૧૪૦૭૦/- ના મુદ્દામાલ સાથે નવ ઈસમો ઝડપાયા

પોલીસ ઈન્સપેક્ટર શ્રી કે.એસ.દવે સાહેબ નાઓની સુચના તેમજ માર્ગદર્શન હેઠળ આજરોજ તા:૧૯/૦૭/૨૦૨૦ ના રોજ સર્વે સ્કોડના પો.સ.ઈ વી.બી.વાઘેલા તથા સ્ટાફના માણસો સાથે દારૂ જુગારની /પ્રવુર્તી અટકાવવા સારૂ પો.સ્ટે વીસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન સાથેના પો.કો લાલજીભાઈ જહાભાઈ બ.નં.૬૪૬૨ નાઓની સંયુક્ત બાતમી આધારે રામોલ વસ્ત્રાલ રીલાયન્સ પેટ્રોલ પંપની પાછળ શ્રીજી હાઈટ્સ બ્લોક નં.એ ના નીચે ખુલ્લા પાર્કીંગમાં પંચો સાથે રેડ કરતા આરોપીઓ નં.(૧) રાજેશભાઈ અમથુભાઈ પાટડીયા ઉવ:૪૪ રહે:અમથુભાઈની ચાલી રામનગર ભીલવાડા અમરાઈવાડી અમદાવાદ શહેર તથા નં.(૨) અશ્વીનભાઈ રમણીકભાઈ પટેલ ઉવ:૪૭ રહે:આઈ/૫૦૧ શાંતીનીકેતન-૩ આર.એફ.કેમ્પની સામે વસ્ત્રાલ રામોલ અમદાવાદ શહેર તથા નં.(૩) મુકેશભાઈ ગોવિંદલાલ ખત્રી ઉવ:૬૮ રહે:૪૨ મુરલીધર સોસાયટી વિભાગ:૧ ગેબનસા વટવા રોડ અમદાવાદ શહેર તથા નં.(૪) પરેશભાઈ નવિનચંન્દ્રભાઈ ભટ્ટ ઉવ:૪૩ રહે:એ/૨૨ ન્યુ સતાધાર નગર વિરાટનગર પાસે નીકોલ અમદાવાદ શહેર તથા નં.(૫) મેહુલ રમેશભાઈ યાદવ ઉવ:૩૬ રહે:૧૮૭ પરસોતમનગર વિભાગ:૨ વિરાટનગર અમદાવાદ શહેર તથા નં.(૬) રવિ ખોવાલાલ સોનકર ઉવ:૩૦ રહે:૧૪ ઉત્તમનગર સોસાયટી વિરાટનગર પાસે અમદાવાદ શહેર તથા નં.(૭) રશ્મીકાંન્ત મહાસુખલાલ પંચોલી ઉવ:૫૩ રહે:ડી/૩૩૯ લક્ષ્મીકુપા સોસાયટી અર્બુદાનગર ઓઢવ અમદાવાદ શહેર તથા નં.(૮) રમેશભાઈ મગનલાલ પારેખ ઉવ:૪૮ રહે:૪૬ અમનનગર મહાકાળી મંદીરની પાછળ ઓઢવ અમદાવાદ શહેર તથા નં.(૯) આશુજી હેમાજી મારવાડી ઉવ:૫૯ રહે:રાયચંદ મેઘરાજની ચાલી સીંગરવા નીકોલ અમદાવાદ શહેર નાઓને પૈસા પાનાથી હાર જીતનો જુગાર રમતા **રોકડા રૂપીયા ૧૪૦૭૦/- તથા ગંજી પાના નંગ:૫૨** મળી કુલ્લે રૂપીયા ૧૪૦૭૦/- ના મુદ્દામાલ સાથે પકડી તેઓના વિરુધ્ધમાં ધી જુગાર ધારા કલમ ૧૨ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

## **રામોલ પોલીસ સ્ટેશન :-**

## **જુગારનો ગણના પાત્ર કેશ શોધી કાઢતી રામોલ પોલીસ**
## **રોકડા રૂપીયા ૧૦૧૨૦/- ના મુદ્દામાલ સાથે સાત ઈસમો ઝડપાયા**

પોલીસ ઈન્સપેક્ટર શ્રી કે.એસ.દવે સાહેબ નાઓની સુચના તેમજ માર્ગદર્શન હેઠળ આજરોજ તા:૨૧/૦૭/૨૦૨૦ ના રોજ સર્વે સ્કોડના પો.સ.ઈ વી.બી.વાઘેલા તથા સ્ટાફના માણસો સાથે દારૂ જુગારની /પ્રવુર્તી અટકાવવા સારૂ પો.સ્ટે વીસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન સાથેના પો.કો યોગીરાજસિંહ પ્રદ્યુમનસિંહ બ.નં.૧૧૮૫૭ તથા પો.કો અજયસિંહ પ્રતાપસિંહ બ.નં.૩૮૩૨ નાઓની સંયુક્ત બાતમી આધારે રામોલ જામફળ વાડી પાછળ શારદાબા સ્કુલની પાસે જાહેરમાં પંચો સાથે રેડ કરતા આરોપીઓ નં.(૧) રવિન્દ્રભાઈ રામવિલાશ પરમાર ઉવ:૩૦ રહે:૨૭ યમુનાજીપાર્ક મહાદેવ એવન્યુ ફ્લેટની સામે રામોલ અમદાવાદ શહેર તથા નં.(૨) શ્યામકિશોર શીવપ્રાસાદ પ્રજાપતી ઉવ:૨૦ રહે:લક્ષ્મીનગર ન્યુ આરટીઓ રોડ રામોલ અમદાવાદ શહેર તથા નં.(૩) સરવિંદ રામદત પ્રજાપતી ઉવ:૩૧ રહે:લક્ષ્મીનગર ન્યુ આરટીઓ રોડ રામોલ અમદાવાદ શહેર તથા નં.(૪) મહેન્દ્રસિંગ રામદત પ્રજાપતી ઉવ:૨૨ રહે:લક્ષ્મીનગર ન્યુ આરટીઓ રોડ રામોલ અમદાવાદ શહેર તથા નં.(૫) પ્રદીપકુમાર અનીલકુમાર શર્મા ઉવ:૨૭ રહે:લક્ષ્મીનગર ન્યુ આરટીઓ રોડ રામોલ અમદાવાદ શહેર તથા નં.(૬) છોટુભાઈ પન્નાભાઈ પ્રજાપતી ઉવ:૩૧ રહે:૨૬ સુભમ રો હાઉસ મહાદેવ એવન્યુ સામે રામોલ અમદાવાદ શહેર તથા નં.(૭) ગૌતમભાઈ મહેશભાઈ ચુનારા ઉવ:૨૨ રહે:સરણીયા વાસ સામે ઝુપડપટ્ટી નારોલ અમદાવાદ શહેર નાઓને પૈસા પાનાથી હાર જીતનો જુગાર રમતા **રોકડા રૂપીયા ૧૦૧૨૦/- તથા ગંજી પાના નંગ:૫૨** મળી કુલ્લે રૂપીયા ૧૦૧૨૦/- ના મુદ્દામાલ સાથે પકડી તેઓના વિરુધ્ધમાં ધી જુગાર ધારા કલમ ૧૨ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

# પ્રોહીબીશન આરોપીની અટકાયતની વિગત

## દરીયાપુર પોલીસ સ્ટેશન :

## તા-૧૯/૭/૨૦૨૦ ના રોજ પેટ્રોલીંગ દરમ્યાન ગેરકાયદેસરની પ્રોહીબીશનની પ્રવૃતિ કરતા ઈસમ ઝડપી પાડતી  દરીયાપુર પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર -૨, તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪, તથા મદદાનીશ પોલીસ કમિશ્નર શ્રી 'એફ' ડિવીઝન નાઓની મૌખિક સુચના આધારે તેમજ માર્ગદર્શન આધારે તા-૧૯/૭/૨૦૨૦ ના રોજ પોલીસ ઈન્સપેકટરશ્રી આર.આઈ. જાડેજા -દરીયાપુર પોલીસ સ્ટેશન નાઓના સીધા માર્ગદર્શન આધારે પોલીસ સ્ટેશન વિસ્તારમાં દરીયાપુર પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્કોડ દ્વારા કડીયાનાકા વચલી કોઠશેરીમાં રહેતા વિરલ @ ગબરૂ શૈલેષભાઈ લોધા ઉ.વ-૨૦ રહે- મનં- ૨૪૯૨ વચલી કોઠશેરી કડીયાનાકા દરિયાપુર અમદાવાદ નાએ તેના રહેઠાણ મકાનમાં તેના સહ આરોપી રાહુલ વ્યાસ રહે- સેટેલાઈટ નાની પાસેથી ગે.કા રીતે વેચાણ કરવા સારૂ લાવેલ ૧૮૦ મીલી અંગ્રેજીદારૂની બોટલ નંગ-૪૮ કિં. રૂ.૭૨૦૦/- નો મુદ્દામાલ સાથે તા-૧૯/૭/૨૦૨૦ ના કલાક ૨૧/૧૫ વાગે ઝડપી પાડેલ  જે બાબતે દરીયાપુર પોલીસ સ્ટેશન ગુરનં- ૧૧૧૯૧૦૦૯૨૦-૦૯૦૫ ધી પ્રોહી. એકટ કલમ-૬૬(૧)બી, ૬૫ એ, ઈ ,૧૧૬(૧)બી ,૮૧ મુજબનો શોધી કાઢેલ છે.

**આરોપીઓ** (૧) વિરલ @ ગબરૂ શૈલેષભાઈ લોધા ઉ.વ-૨૦ રહે- મનં- ૨૪૯૨ વચલી કોઠશેરી કડીયાનાકા દરિયાપુર અમદાવાદ

**નહી મળી આવેલ આરોપી :-** રાહુલ વ્યાસ રહે- સેટેલાઈટ  મુદ્દામાલ :- ૧૮૦ મીલી અંગ્રેજીદારૂની બોટલ નંગ-૪૮ કિં. રૂ.૭૨૦૦/-

**રેડ કરનાર અધિકારી/કર્મચારીઓ:-** (૧) પો.સબ.ઈન્સ શ્રી આર.પી. દરજી (૨) અ.હેડ.કોન્સ ઉદયભાન લક્ષ્મીકાંત બનં-૧૦૧૧૦ (૩) લોકરક્ષક સંજયસીહ માનસીહ બનં-૧૨૧૮ (૪) લોકરક્ષક રાહુલકુમાર અમરતભાઈ બનં-૧૨૭૬૨ (૫) લોકરક્ષક ધનરાજસીહ દીપસીહ બનં-૮૨૮૮



# પાસા આરોપીની અટકાયતની વિગત

## સરદારનગર પોલીસ સ્ટેશન :-

## પ્રોહીબિશન સબંધી ગુના કરતા આરોપીની પાસા અટકાયત કરતી સરદારનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમ તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર – ૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી જી. ડીવીઝન અમદાવાદ શહેર નાઓએ પ્રોહિબિશન સબંધી ગુનાઓ થતા અટકાવવા કાર્યવાહી કરવા સુચના કરેલ હોય તે અનુસંધાને સરદારનગર પોલીસ સ્ટેશન વિસ્તારમા પ્રોહિબિશન સબંધી ગુનાઓ કરેલ ઇસમ વિરૂધ્ધ સીની.પો.ઇંસ. એચ.બી.પટેલ તથા સેક.પો.ઇંસ. એમ.બી.બારડ નાઓના માર્ગદર્શન મુજબ **વિષ્ણુ નવનાથ યાદવ ઉ.વ.૨૦ રહે- શર્માજીની ચાલી સુભાશનગર વાલ્મીકી આવાસના મકાન પાસે નોબલનગર સરદારનગર અમદાવાદ શહેર** વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલી આપતા મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના પાસા અટકાયતી હુકમ ક્રમાંક : પીસીબી/ડીટીએન/પાસા/૫૦૮/૨૦૨૦ તા-૨૦/૦૭/૨૦૨૦ આધારે સદરી આરોપીને તા-૨૦/૦૭/૨૦20 ના કલાક - ૨૨/30 વાગે પાસા અટકાયત કરી પાસા" હુકમની બજવણી કરી મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે પાસા તળે અટકાયતમા મોકલી આપેલ છે.તા-૨૦/૦૭/૨૦૨૦

**પાસા અટકાયતીનુ નામ-** વિષ્ણુ નવનાથ યાદવ ઉ.વ.૨૦ રહે- શર્માજીની ચાલી સુભાશનગર વાલ્મીકી આવાસના મકાન પાસે નોબલનગર સરદારનગર અમદાવાદ શહેર



## સરદારનગર પોલીસ સ્ટેશન :-

# પ્રોહીબિશન સબંધી ગુના કરતા આરોપીની પાસા અટકાયત કરતી સરદારનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમ તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર – ૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી જી. ડીવીઝન અમદાવાદ શહેર નાઓએ પ્રોહિબિશન સબંધી ગુનાઓ થતા અટકાવવા કાર્યવાહી કરવા સુચના કરેલ હોય તે અનુસંધાને સરદારનગર પોલીસ સ્ટેશન વિસ્તારમા પ્રોહિબિશન સબંધી ગુનાઓ કરેલ ઇસમ વિરૂધ્ધ સીની.પો.ઇંસ. એચ.બી.પટેલ તથા સેક.પો.ઇંસ. એમ.બી.બારડ નાઓના માર્ગદર્શન મુજબ **વિજય કનુભાઇ રાવત ઉ.વ.૧૯ રહે- બ્લોક-૧/૩૨ વાલ્મીકી આવાસના મકાન નોબલનગર સરદારનગર અમદાવાદ શહેર** વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલી આપતા મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના પાસા અટકાયતી હુકમ ક્રમાંક : પીસીબી/ડીટીએન/પાસા/૫૦૭/૨૦૨૦ તા-૨૦/૦૭/૨૦૨૦ આધારે સદરી આરોપીને તા-૨૦/૦૭/૨૦૨૦ ના કલાક - ૨૨/૪૫ વાગે પાસા અટકાયત કરી પાસા“ હુકમની બજવણી કરી મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે પાસા તળે અટકાયતમા મોકલી આપેલ છે.તા-૨૦/૦૭/૨૦૨૦

**પાસા અટકાયતીનુ નામ-** વિજય કનુભાઇ રાવત ઉ.વ.૧૯ રહે- બ્લોક-૧/૩૨ વાલ્મીકી આવાસના મકાન નોબલનગર સરદારનગર અમદાવાદ શહેર



## ગુના નિવારણ શાખા :-

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયાનાઓએ તા.૨૦.૦૭.૨૦૨૦ નારોજ અમદાવાદ શહેરના જુદા-જુદા પોસ્ટે વિસ્તારમાં મિલક્ત સબંધી, શરીર સબંધી, પ્રોહીબીશન સબંધી ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ છે.

- અમદાવાદ શહેરના ઓઢવ પોલીસ સ્ટેશન વિસ્તારમા પોતાના સાગરિતો સાથે મળી ફરીયાદીની સાથે બોલાચાલી અને ઝગડો કરી બિભત્સ ગાળો બોલી ગાળો બોલવાની ના પાડતા દરખાસ્ત કરેલ ઈસમે ફરીયાદીને ગડદાપાટુનો માર મારી સાગરિતે લોખંડના ધારીયા વડે ફરીયાદીને ગડદાપાટુનો માર મારી ધુટણના ભાગે ફેકચર કરી જાનથી મારી નાખવાની ધમકી આપનાર માથાભારે અને ઝનુની સ્વભાવ ધરાવનાર ઈસમ નામે બિરેન્દ્રસિંગ ઉર્ફે આલુ બટાકા ઉદય બહાદુરસિગ રાજપુત રહે.મ.ન.૭૬ મોતીભગતની ચાલી સરણીયાવાસ પાસે ઓઢવ અમદાવાદ શહેર વિરુધ્ધમા પાસા વોરંટ જારી કરી તેઓને સુરત જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | બિરેન્દ્રસિંગ ઉર્ફે આલુ બટાકા ઉદય બહાદુરસિગ રાજપુત રહે.મ.ન.૭૬ મોતીભગતની ચાલી સરણીયાવાસ પાસે ઓઢવ અમદાવાદ શહેર |

- અમદાવાદ શહેરના અમરાઈવાડી પોલીસ સ્ટેશન વિસ્તારમા ફરીયાદીના ઘરમા ગે.કા. પ્રવેશ કરી લોખંડની પેટીમા પડેલ સોના ચાંદીના દાગીનાની ચોરી કરી લઈ જઈ ચોરી કરી મેળવેલ મુદામાલ પોતાના કબ્જામા રાખનાર તેમજ અન્ય કિસ્સામા ફરીયાદીની સગીર વયની દિકરીની છેડતી કરનાર ગુનાહિત માનસ ધરાવનાર ઈસમ નામે જીગ્નેશ ઉર્ફે જીગો મોહનભાઈ વણઝારા રહે.૩૩/૫૫૭ શિવાનંદનગર અમરાઈવાડી અમદાવાદ મુળ વતન ગામ મકરાણા તા.જિ.ડુગરપુર રાજસ્થાન અમદાવાદ શહેર વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેઓને સુરત જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.
-

| | |
|---|---|
|  | જીગ્નેશ ઉર્ફે જીગો મોહનભાઈ વણઝારા રહે.૩૩/૫૫૭ શિવાનંદનગર અમરાઈવાડી અમદાવાદ મુળ વતન ગામ મકરાણા તા.જિ.ડુગરપુર રાજસ્થાન અમદાવાદ શહેર |

- અમદાવાદ શહેરના સાબરમતી પોલીસ સ્ટેશન વિસ્તારમા દેશી દારુ જનતાના સ્વાસ્થયને હાનિકારક હોવા છતા મજકુર બહેન ઝુંડાલ ખાતેથી અજાણ્યા ઈસમ પાસેથી પોતાના સાગરિતો

સાથે મળી ગેરકાયદેસરનો વગર પાસ પરમીટના દેશીદારુનો જથ્થો પોતાના રહેણાક આસપાસના વિસ્તારમા વેચાણ કરવાના ઈરાદે મંગાવી લાવી પોતાના રહેણાક આસપાસના વિસ્તારમા ગેરકાયદેસરના વગર પાસ દેશી દારુનુ વેચાણ તથા હેરાફેરી કરી ગુનાહિત માનસ ધરાવનાર ઈસમ જશીબેન બાબુજી ઠાકોર રહેવાસી- ભુતબગલા પાણીની ટાકી ની પાસે રેલ્વે કોલોની સાબરમતી અમદાવાદ શહેર વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેઓને સુરત જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | જશીબેન બાબુજી ઠાકોર રહેવાસી- ભુતબગલા પાણીની ટાકી ની પાસે રેલ્વે કોલોની સાબરમતી અમદાવાદ શહેર |

આ ઉપરાંત પ્રોહીબીશન સંબધી તેમજ મિલક્ત સબંધી ગુનાઓની પ્રવૃતિ સાથે સંકળાયેલ ૬ ઇસમો મળી **કુલ્લે ૯ ઇસમો વિરુધ્ધ પાસા હુકમ કરી** તેઓને સુરત જેલ ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.

# પ્રસંશનીય સેવા અર્થે પ્રમાણપત્ર એનાયત કરવામા આવ્યા

## ખાડીયા પોલીસ સ્ટેશન :-

અમદાવાદ શહેર તેમજ વિશ્વમાં નોવેલ કોરોના વાયરસ COVID-19 ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે અને નોવેલ કોરોના વાયરસ અમદાવાદ શહેરમાં પણ ફાટી નિકળેલ હોઈ જેથી આ મહામારી ફેલાતી રોકવા સારૂ અને માનવ માનવથી સંક્રમણ વધે નહી તે સારૂ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી અમદાવાદ શહેરમાં સરકારશ્રી દ્વારા લોકડાઉન જાહેર કરવામાં આવેલ જેથી પોલીસ સાથે સંપર્કમાં રહી પોલીસને મદદરૂપ થાય તે સારૂ ઉપરી અધિકારીશ્રીઓ તરફથી સ્થાનિક સિવિલ ડીફેન્સના માણસોની સેવા લેવા સારૂ મળેલ સુચનાઓ આધારે અત્રેના ખાડીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતા કુલ- ૩૦ સિવિલ ડીફેન્સના માણસોએ લોકડાઉન દરમ્યાન તેઓની સ્વખુશીથી ખાડીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પોલીસ સાથે રહી સારી અને ઉત્કૃષ્ટ સેવા બજાવેલ હોઈ જેથી સિવિલ ડીફેન્સના કુલ- ૩૦ માણસોને પોતાની ઉમદા અને પ્રસંશનીય સેવા કરવા બદલ પ્રોત્સાહન રૂપે અત્રેના ખાડીયા પોલીસ સ્ટેશન ખાતેથી સીનીયર પોલીસ ઈન્સ્પેકટરશ્રી પી.ડી.સોલંકી નાઓ તરફથી આજરોજ તા.- ૧૨/૦૭/૨૦૨૦ ના રોજ પ્રમાણપત્રો એનાયત કરી સન્માન કરી અભિનંદન પાઠવવામાં આવેલ છે.








## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૨૧૪/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૪ કેસ કરી, ૫૨ વ્યક્તિઓને ઝડપી, ૪૩૬ લીટર દેશી દારૂ, ૧૮૬ બોટલ ઇંગ્લીશ દારૂ, ૩૬ બિયર ટીન, ૨ સ્કુટર અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૭ કેસ કરી ૨૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૬,૮૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૨૧૫/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૫૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## આત્મહત્યા :- સમાચાર યાદી નં.૧૨૧૬/૨૦૨૦

**વેજલપુરઃ** તુષારભાઇ જગદીશભાઇ પ્રજાપતિ (ઉ.વ.૩૫) (રહે. ભાગ્યોદય ટેનામેન્ટ ટી.વી.૯ ની ગલી જીવરાજપાર્ક) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૭/૨૦૨૦ બપોરના ૪/૦૦ થી સાજના ૬/૧૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં રૂમાલ બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિક્રમભાઇ રામજીભાઇ ચલાવે છે.

**બાપુનગરઃ** ફેનીલ મહેન્દ્રભાઇ પટેલ (ઉ.વ.૨૨) (રહે. સી-૧૪ ત્રિજોમાળ સંસાર એપાર્ટમેન્ટ કિર્તિ ડેરી સામે હિરાવાડી રોડ બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૧૯/૦૭/૨૦૨૦ કલાક ૧૮/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી નટવરસિહ કાવાજી ચલાવે છે.

**ખોખરાઃ** દિનેશભાઇ અશોકભાઇ ભલ્લા (ઉ.વ.૪૨) (રહે. બ્લોક-૧૪૨/૧૧૧૧ ખોખરા) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૭/૨૦૨૦ બપોરના ૨/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં ચાદર બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.કે.વાઘેલા ચલાવે છે.

**રામોલઃ** અમીષાબહેન ડો/ઓ રાકેશભાઇ ક્રિશ્ચિયન (ઉ.વ.૨૧) (રહે. સાલેમ પાર્ક સોસાયટી સિંધવાઇ માતાના મંદિર પાછળ સી.ટી.એમ રામોલ) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૭/૨૦૨૦ કલાક ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.વી.વ્યાસ ચલાવે છે.

**જીઆઈડીસી વટવાઃ** કાશીનાથ સ/ઓ અન્નામલ નાયકર (ઉ.વ.૮૫) (રહે. પેરેડાઈઝ પાર્ક એસ.પી.રીંગ રોડ વિંઝોલ) એ અગમ્ય કારણસર તા.૧૯/૦૭/૨૦૨૦ કલાક ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે એસીડ પી લીધુ હતુ. સારવાર માટે તેમને એલ.જી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૦/૦૭/૨૦૨૦ કલાક ૭/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે જીઆઈડીસી વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સોએબમંહમંદ અબ્દુલમજીદ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી